પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૯૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૪-૧૨-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 95 PRICE :-RS. 1.50 DATE : 14-12-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વૉશિંગ્ટનમાં ભારતના નવા કૃષિ કાયદા વિરુદ્ધ પ્રદર્શન દરમ્યાન

# અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકોએ ગાંધીજીની પ્રતિમાને ખંડિત કરી

વૉશિંગ્ટન,

વૉશિંગ્ટનમાં ખાલિસ્તાની અલગતાવાદીઓના સભ્યોએ ભારતના નવા કૃષિ કાયદાની વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં સિખ-અમેરિકન યુવાનો દ્વારા આયોજીત વિરોધ પ્રદર્શન દરમ્યાન મહાત્મા ગાંધી ની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું.



ગ્રેટર વૉશિંગ્ટન ડીસી ક્ષેત્ર, મેરીલેન્ડ અને વર્જીનિયાની આસપાસના સેંકડો સિખોની સાથો સાથ ન્યૂયોર્ક, ન્યૂજર્સી, પેંસિલ્વેનિયા, ઈંડિયાના , ઓહિયો અને નોર્થ કેરોલિના ના સિખોએ પણ શનિવારના રોજ ભારતીય દૂતાવાસ સુધી કાર રેલી કાઢી હતી. આ બધા પ્રદર્શનકારી ખેડૂતોની સાથે એકજૂથતા વ્યકત કરવા માટે ભેગા થયા હતા.

જો કે શાંતિપૂર્ણ વિરોધ ટૂંક સમયમાં જ અલગતાવાદી સિખો દ્વારા હાઈજેક કરી લેવાયો, જે ભારત વિરોધી પોસ્ટર અને બેનરની સાથે ખાલિસ્તાની ઝંડા લઈ જઈ રહ્યા હતા, જેમાં કહ્યું હતું કે તેઓ ખાલિસ્તાન ગણરાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે. વિરોધ પ્રદર્શન દરમ્યાન, ખાલિસ્તાન સમર્થકની યુવા મહાત્મા ગાંધીની પ્રતિમા પર કૂદી પડ્યા અને તેના પર પોસ્ટ ચીપકાવી દીધા. ગ્રૂપ ભારત વિરોધી અને ખાલિસ્તાન સમર્થક નારા લગાવી રહ્યા હતા. ભારતીય દૂતાવાસ એ પ્રદર્શનકારીઓના રૂપમાં ગુંડાગર્દી કરવા પર શરારતી કૃત્યની નિંદા કરી. એક નિવેદનમાં કહ્યું કે ૧૨ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ખાલિસ્તાન તત્વો દ્વારા દૂતાવાસની સામે મહાત્મા ગાંધી મેમોરિયલ પ્લાઝામાં મહાત્મા ગાંધીની પ્રતિમાને ખંડિત કરી દીધી હતી. દૂતાવાસે પ્રદર્શનકારીઓ તરીકે ગુંડાઓ દ્વારા આ શરારતી કૃત્યની આકરી આલોચના કરી.

દૂતાવાસે જણાવ્યું હતું કે તેમણે અમેરિકન કાયદા પ્રવર્તન એજન્સીઓની સામે એક મજબૂત વિરોધ નોંધાવ્યો છે અને રાજ્યના વિભાગની સાથે આ કેસની પ્રારંભિક તપાસ અને લાગૂ કાયદાની અંતર્ગત દોષિતોની વિરૂદ્ધ કાર્યવાહી માટે પણ આ મામલો ઉઠાવ્યો છે. ત્યારબાદ અમેરિકામાં લેબર પાર્ટીના સાસંદ તાએવો ઓવાતેમીએ તેમના સમર્થનમાં એક ટ્વીટ કરી હતી પરંતુ બહુ જલદી તેમણે આ ટ્વીટ બદલ માફી માંગી લીધી. તેમણે કહ્યું કે શીખોના ન્યાય માટે સૂચવવામાં આવેલી ટ્વીટને પોસ્ટ કરવા બદલ અનેક લોકોએ મને ઈમેઈલ કર્યો હતો.

# રાજ્યના તમામ ઈન્ટર્ન ડોકટરો સ્ટાઈપેન્ડ વધારાની માંગ સાથે આજે હડતાળ પર

અમદાવાદ,

આયુર્વેદિક ડોકટરોને આંખ, નાક , કાન અને ગળા સહિત ૫૮ પ્રકારની સર્જરી માટે નિર્ણયનો વિવાદ ચાલી રહ્યો છે જેની વચ્ચે હવે ઈન્ટર્ન ડોકટરોએ હવે સ્ટાઈપેન્ડ અને માનદ વેતન વધારવા માટે માંગણી કરી છે. સ્ટાઈપેન્ડ વધારી આઓવ માંગણી કરી છે અને આ માંગણી નહિ સ્વીકારવામાં આવે તો રાજયના તમામ ઈન્ટર્ન ડોકટરો આવતીકાલ સોમવારથી તમામ સેવાઓથી અળગા રહી હડતાળ પર ઉતરી જશે. કોરોના સમયગાળામાં અન્ય રાજ્ય કરતા ઓછું વેતન ગુજરાત સરકાર ડોકટરોને આપી રહ્યું છે તેવો આક્ષેપ ઈન્ટર્ન ડોકટરોએ મુક્યો છે.



સોશિયલ મીડિયામાં ઈન્ટર્નસ ઓફ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના નામે બનાવેલા એકાઉન્ટમાં ઈન્ટર્ન ડોકટરોએ એક લેટર પોસ્ટ કર્યો છે જેમાં જણાવ્યું છે કે ઈન્ટર્ન ડોકટરો એપ્રિલ મહિનાથી કોવિડ સેન્ટરમાં સતત ફરજ બજાવી રહ્યા છે અને તેમાં ૩૦૦ જેટલા ડોકટરો કોરોના સંક્રમિત થયા છે. સિનિયર ડોકટરો સાથે તેઓ સતત ખડેપગે ફરજ બજાવી રહ્યા છે ત્યારે તેમને રૂ. ૧૨૮૦૦ જેટલું વેતન આપવામાં આવી રહ્યું છે જે ગુજરાત સરકાર અન્ય રાજ્યના ડોકટરોને મળતા વેતન મુજબ ઓછું છે. વેતન વધારવા માટે નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય સચિવ સહિતના અધિકારીને વારંવાર રજુઆત કરી છતાં કોઈ નિર્ણય લેવાયો નથી જેથી તેઓની ત્રણ માંગણીઓ નહિ સ્વીકારાય તો આવતીકાલ સોમવારથી તમામ સરકારી, જીએમઈઆરએસ અને કોર્પોરેશનમાં ફરજ બજાવતા તમામ ઈન્ટર્ન ડોકટરો હડતાળ પર ઉતરી જશે. ઈન્ટર્ન ડોકટરોનું રૂ. ૧૨૮૦૦ સ્ટાઈપેન્ડ વધારી ઓછામાં ઓછું રૂ. ૨૦૦૦૦ કરી આપવામાં આવે જે એપ્રિલ માસથી ગણી અને તેનું એરિયર્સ પણ ચુકવવામાં આવે.

એપ્રિલ મહિનાથી આજદિન સુધી તમામ ઈન્ટર્ન ડોકટરોને બોન્ડ સમયગાળામાં ૧:૧ ગણી ઈન્ટર્નશિપ પુરી થયે તમામને બોન્ડમુક્ત ગણવા ★ આજદિન સુધી કોરોનામાં જે ફરજ બજાવી છે તેમાં ઈન્ટર્ન ડોકટરોને પ્રોત્સાહિત માનદ વેતન રૂપે પ્રતિદિન રૂ. ૧૦૦૦નું મહેનતાણું આપવામાં આવે. દિલ્લી સરકાર મેડિકલ, ડેન્ટલ પાસ અને ઈન્ટર્ન ડોકટરોને ૮ કલાકના ૧૦૦૦ અને ૧૨ કલાકના ૨૦૦૦ રૂપિયા માનદ વેતન આપે છે. છસ્ઞ સ્ટાઈપેન્ડ ઉપરાંત માનદ વેતન રૂ. ૫૦૦ આપે છે ત્યારે ઉપરોક્ત માગણીઓને સરકાર હકારાત્મક નિર્ણય લે તેવી આશા વ્યક્ત કરી છે.

## કોરોના કહેર વચ્ચે રાજ્યમાં વરસાદ અને કાતિલ ઠંડીની કરાઈ આગાહી

ગાંધીનગર,

રાજ્યમાં કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત છે. ત્યારે સતત ચોથા દિવસે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. ઉત્તરપૂર્વ રાજસ્થાન અને તેની આસપાસ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સથી સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે દક્ષિણ ગુજરાતમાં સતત ચોથા દિવસે કમોસમી વરસાદની સ્થિતિ યથાવત્ રહેતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આ સાથે હવામાન વિભાગે આજે પણ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરેલી છે. રાજસ્થાનમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સમગ્ર રાજ્ય પર તેની અસર જોવા મળી રહી છે. પવનની દિશા બદલાતા ઠંડીમાં પણ વધારો થશે. રાજસ્થાનમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના વાતાવરણમાં પલટા સાથે માવઠું થયું છે. નલિયા અને ડીસા જેવાં શહેરોનું તાપમાન ૧૦ ડિગ્રી નીચે જતાં રાજ્યમાં કાતિલ ઠંડીની શરૂઆત થશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે જેને લીધે રાજ્યના વાતાવરણમાં પલટા સાથે માવઠું થયું છે. હજુ આગામી ૨૪ કલાક રાજ્યના વિવિધ વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ રહેશે. ૧૩ ડિસેમ્બરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાત પરથી આગળ વધી જશે, જેના કારણે સોમવારથી રાજ્યમાં મોટાભાગના શહેરોમાં કાતિલ ઠંડી પડવાની શરૂઆત થશે.

## બજેટ મસલતઃ સીતારામનની આજે ઉદ્યોગપતિઓ સાથે બેઠક

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામન ૨૦૨૧ની ૧ ફેબ્રુઆરીએ ‘મોદી ૨.૦’ સરકારમાં પોતાનું બીજું કેન્દ્રીય બજેટ રજૂ કરે એવી ધારણા છે.

બજેટ અંગે મસલત કરવા સીતારામન આવતીકાલે દેશના ટોચના ઉદ્યોગપતિઓ સાથે બેઠક યોજશે, જે બજેટ-પૂર્વે આ પ્રકારની પહેલી બેઠક હશે. આ બેઠક વર્ચ્યુઅલ માધ્યમથી યોજાશે. એક સામાન્ય પ્રથા છે જેમાં કેન્દ્રીય નાણાં પ્રધાન બજેટ રજૂ કરતા પૂર્વે મસલતની પ્રક્રિયા અંતર્ગત ખેડૂતોના સંગઠનો, અર્થશાસ્ત્રીઓ, સિવિલ સમાજ અને ઉદ્યોગક્ષેત્રની સંસ્થાઓ સહિત અનેક લાગતાવળગતા આગેવાનોને મળતાં હોય છે.

### NMDCમાં કથિત કૌભાંડ મામલે

# ગૃહમંત્રી શાહના ઘરે ધરણાં કરવા જતાં આપ ધારાસભ્યની પોલીસે અટકાયત કરી

ન્યુ દિલ્હી,

NMDCમાં કથિત કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીએ ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. ધારાસભ્ય રાઘવ ચડ્ડાએ આ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી માંગી હતી. દિલ્હી પોલીસે મંજૂરી આપી નહોતી. ત્યારબાદ ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે દાવો કર્યો હતો કે ‘આપ’ના ધારાસભ્ય ઋતુરાજની દિલ્હી પોલીસે ધરપકડ કરી લીધી છે. ભારદ્વાજના જણાવ્યા અનુસાર, ઋતુરાજ આજે સવારે લેફ્ટનન્ટ ગવર્નર અનિલ બૈજલના ઘરે જવા માટે નીકળ્યા હતા ત્યારે પોલીસે તેની ધરપકડ કરી હતી. ભારદ્વાજે આક્ષેપ કર્યો હતો કે ‘અમિત શાહ હવે કોઈને અવાજ પણ ઉઠાવવા દેતા નથી’.



આપના ધારાસભ્ય સૌરભ ભારદ્વાજે કેટલીક તસવીરો શેર કરતાં કિરાડી ધારાસભ્ય ઋતુરાજની ધરપકડનો દાવો કર્યો. તસવીરોમાં ધારાસભ્ય તેમની ઓફિસ છોડીને પોલીસની ગાડીમાં બેસતા દેખાઈ રહ્યા છે. આની પહેલા દિલ્હી પોલીસે રાઘવ ચડ્ડાના પત્રના જવાબ કહ્યું હતું કે “ગૃહમંત્રીના ઘરની બહાર કોઈ ટોળાને એકત્ર થવાની મંજૂરી નથી”.

આપ પાર્ટીએ ભાજપના કબ્જાવાળી નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન પર અઢી હજાર કરોડના કૌભાંડનો આરોપ લગાવ્યો છે. પક્ષ ઈચ્છે છે કે કથિત કૌભાંડની તપાસ સીબીઆઈ કરે. આ માંગને લઈને આજે પાર્ટીના ધારાસભ્ય અને કાઉન્સિલર શાહ અને ઉપરાજ્યપાલ અનિલ બૈજલના નિવાસ સ્થાને વિરોધ પ્રદર્શન કરવા જઈ રહ્યા હતા. દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને આ મામલે સચિવ-સ્તરની તપાસના આદેશ આપ્યા છે.

## નવા કૃષિ બિલ વિરુદ્ધ પંજાબના DIG લખવિંદરસિંહ જાખડે આપ્યું રાજીનામું



ચંડીગઢ,


ખેડૂતોના વિરોધ પ્રદર્શન વચ્ચે પંજાબ પોલીસના સીનિયર અધિકારીએ રાજીનામું આપ્યુ છે. પંજાબના ડીઆઈજી (જેલ) લખવિંદર સિંહ જાખડે ખેડૂતોના મુદ્દે સમર્થનની વાત કરતા રાજયના મુખ્ય સચિવ (ગૃહ)ને પોતાનું રાજીનામું સોપી દીધુ છે.

જાખડે મુખ્ય સચિવને પત્ર લખતા લેવામાંથી પ્રીમેચ્યોર રિટાયરમેન્ટ લેવાની વાત કહી હતી, તેમણે કહ્યુ, “હું તમને જણાવવા માંગુ છું કે હું કૃષિ કાયદા વિરૂદ્ધ શાંતિપૂર્વક પ્રદર્શન કરી રહેલા પોતાના ખેડૂત ભાઈઓ સાથે છું, માટે હું રાજીનામું આપી રહ્યો છું.”

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લખવિંદર સસ્પેન્ડ હતા. કેટલાક મહિના પહેલા જેલ અધિકારી પાસેથી લાંચ લેવાના આરોપમાં તેમણે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, સરકાર તરફથી હજુ સુધી રાજીનામું સ્વીકારવામાં આવ્યુ નથી.

મહત્વપૂર્ણ છે કે પંજાબમાં ખેડૂતોના પ્રદર્શનને લોકોનું સમર્થન મળી રહ્યુ છે. સ્પોર્ટ્સ જગતથી લઈને સાહિત્ય અને રાજકારણના દિગ્ગજ પણ ખુલીને ખેડૂતોનું સમર્થન કરી રહ્યા છે. હોકી ટીમના પૂર્વ કેપ્ટન પરગટ સિંહ સહિત બે ડઝનથી વધુ ખેલાડી પોતાનું સમ્માન પરત કરી ચુક્યા છે.

## અમદાવાદમાં જાનૈયાઓ બન્યા બેફામઃ પોલીસ અને પબ્લિક વચ્ચે ઘર્ષણ



અમદાવાદ,

અવાર નવાર અસામાજિક તત્વોનો આતંકની ઘટના સામે આવે છે. ત્યારે અમદાવાદના જુહાપુરામાં પોલીસ પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ૨ એક્ટિવા ચાલક જાહેર રોડ રોડ પર ચીચીયારી કરતા જોવા મળ્યા હતા. બંનેને પોલીસે રોકતા અન્ય લોકો પણ પાછળ રિક્ષા પણ આવી ગઈ હતી. રીક્ષામા આવેલાં લોકોએ પોલીસ સાથે તકરાર કરી હતી. રીક્ષામાં સવાર લોકો લગ્નમાંથી પરત ફરી રહ્યા હતા. ત્યારે પોલીસે સાથે તકરારને લઈને વેજલપુર પોલીસે ફરિયાદ નોંધી છે. સાથે જ વેજલપુર પોલીસે ૩ લોકોની અટકાયત પણ કરી છે.

અમદાવાદના વેજલપુર વિસ્તારના સોનલ સિનેમા રોડ પર કર્ફ્યુ બાદ પોલીસ અને કેટલાક વચ્ચે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. સરકારીની ગાઈડ લાઈન મુજબ રાજ્યના ચાર મહાનગરમાં ૯ વાગ્યા બાદ કર્ફ્યુ છે. ત્યારે આ કોવિડ ૧૯ ગાઈડ લાઈન મુજબ વેજલપુર પોલીસ શનિવારની રાત્રે અમલવારી કરાવી રહી હતી. ત્યારે જ સોનલ સિનેમા રોડ પર બે એક્ટિવા ચાલક અને બે રિક્ષામાં લોકો સવાર જોરજોરથી હોર્ન અને ચિચ્યારી બોલાવી રહ્યા હતા.

જાહેર રોડ પર આ રીતે નાટકો કરતા જોઈ વેજલપુર પોલીસ દ્વારા આ તમામને રોકવામાં આવ્યા હતા. તે લોકોની પોલીસે પૂછપરછ કરી હતી કે ક્યાંથી આવી રહ્યા છે. ત્યારે આ તમામ લોકો એ લગ્નમાંથી આવી રહ્યા હોવાનું પોલીસને જણાવ્યું હતું અને જોત જોતમાં આ તમામ લોકો ઉશ્કેરાય જઈને પોલીસ સાથે મારામારી શરૂ કરી હતી.

# આવતીકાલે વડાપ્રધાન ધોરડો ખાતેથી ૧૦૦ MLD ડિસેલિનેશન પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે

કચ્છ,

આગામી ૧૫ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કચ્છના ધોરડો ખાતેથી માંડવી તાલુકાના ગુંદીયાળી ગામે ખારા પાણીને મીઠુ પાણી બનાવવાના ૧૦૦ એમ.એલ.ડી. ડીસેલીનેશન પ્લાન્ટનું ડીજીટલ ખાતમુહૂર્ત કરવામાં આવશે.ઁસ્ નરેન્દ્ર ભાઈ મોદીની કચ્છ મુલાકાતનો મામલો એસપીજીની ટીમે અગ્ર હરોળની સુરક્ષા વ્યવસ્થા સંભાળી બંદોબસ્તમાં જોડાનારા પોલીસ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. કચ્છ ઉપરાંત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આઈપીએસ અને અન્ય પોલીસ અધિકારીઓ બંદોબસ્તમાં જોડાયા છે.



વડાપ્રધાન ૧૫ ડિસેમ્બરે એક દિવસ માટે કચ્છ આવી રહ્યા છે. પીએમ મોદીની કચ્છ મુલાકાતને પગલે સુરક્ષા માટે એસપીજીની ટીમ આજે કચ્છમાં તૈનાત કરાઈ રહી છે. મોદી બપોરે ટેન્ટસિટીમાં સભા સંબોધ્યા બાદ વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે. જ્યારે સાંજે સફેદ રણની ચાંદની નિહાળ્યા બાદ દિલ્લી જવા રવાના થશે. વડાપ્રધાન અગાઉ ૧૪ ડિસેમ્બરના રોજ આવવાના હતા અને રાત્રિરોકાણ ધોરડો ખાતે કરવાના હતા. પરંતુ ઉત્તરપ્રદેશ સરકારે ટેન્ટના મામલામાં ભ્રષ્ટાચારના આરોપનો સામનો કરી રહેલા લલ્લુજી એન્ડ સન્સ સામે કાર્યવાહી કરી છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવા સંજોગોમાં કચ્છના સફેદ રણમાં આવેલા ટેન્ટ સિટીમાં રોકાણનો કાર્યક્રમ રદ કર્યો છે. સરકારની ચાહિતી પેઢી લલ્લુજી એન્ડ સન્સને ધોરડો ખાતે યોજાનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમની વ્યવસ્થામાંથી બાકાત રખાઈ છે અને રાજકોટની પેઢીને કામ અપાયું છે. કુંભ મેળામાં તંબુ લગાડવાના ઠેકામાં કરોડોના કૌભાંડને પગલે પાણીચું અપાયું ત્યારે કચ્છમાં પણ તેને અળગી કરી દેવાતાં જાણકારોમાં એ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નાનીસરસણ દુધ ઉ. મંડળી

: ચેરમેન : વણકર નંદુભાઈ ગોવિંદભાઈ

: સેક્રેટરી : પટેલ હર્ષદભાઈ કાનજીભાઈ

તરફથી અભીનંદન....

મુ. નાનીસરસણ, તા. સંતરામપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

માનકોડિયા દુધ ઉ. મંડળી

: ચેરમેન : જીગ્નેશકુમાર હિરાભાઈ

: સેક્રેટરી : પટેલ સાંકળભાઈ વિરાભાઈ

તરફથી અભીનંદન....

મુ. માનકોડિયા, તા. સંતરામપુર

# મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૩૦ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૩-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૮૩૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાના ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૩ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં વતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬૯૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૭૩૦૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૩૧ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૫૯ દર્દી હોમ આઇસોલેશન, ૦૪ દર્દી લુણાવાડા (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૮૩ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મિશન ૧૮૨: શાહ બન્યા નારણપુરા વિધાનસભા બૂથ નંબર ૧૦ના પેજ પ્રમુખ



અમદાવાદ, ભાજપમાં દિગ્ગજ નેતાઓના પેજ પ્રમુખ બનવાનો સિલસિલો શરૂ થયો છે. પ્રદેશ પ્રમુખની ટકોર બાદ હવે એક પછી એક નેતાઓ પોતાના વોર્ડના પેજ પ્રમુખ બની રહ્યાં છે. ત્યારે હવે આ લિસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું નામ ઉમેરાયું છે. અમિત શાહ અમદાવાદના નારણપુરા વિધાનસભાના બૂથ નંબર ૧૦ ના એક પેજના પ્રમુખ બન્યા છે. પેજ પ્રમુખ એ ભાજપ પ્રમુખ સીઆર પાટીલના મિશન ૧૮૨નો પાયો છે. આ પહેલા પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખ વસાવા પેજ પ્રમુખ બની ચૂક્યા છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ પેજ પ્રમુખ બન્યા છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ હોય કે રૂપાણી સરકારના કેબિટને મંત્રીઓ હોય, ગુજરાતમાંથી ચૂંટાયેલા સાંસદો જ કેમ ના હોય... તેઓ મોદી સરકારની કેબિનેટમાં જ કેમ ના હોય... તમામ માટે પેજ પ્રમુખ બનવું ફરજિયાત છે. એટલું જ નહિ, સીઆર પાટીલે પેજ પ્રમુખની જવાબદારી પણ નક્કી કરી છે. જે પેજ પ્રમુખ પોતાના વૉર્ડમાં સારું પ્રદર્શન નહીં કરે તેને જવાબ આપવો પડશે. આ વાત કાર્યકરોને તાલીમ આપતી વખતે સીઆર પાટીલ વારંવાર કહી ચૂક્યા છે. ત્યાં સુધી કે વોર્ડમાં પેજ પ્રમુખનું પરફોર્મન્સ સારું નહીં હોય તો તે નેતાની વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ પણ કટ થઈ શકે છે. મતલબ કે ભાજપ પ્રમુખ સીઆર પાટીલ માટે પેજ પ્રમુખની કામગીરી કોઈ પણ પદ જેટલી જ મહત્વની છે.

જો તે નિભાવવામાં કોઈ ઉણા ઉતરશે તો પાર્ટી જવાબ માગશે. સીઆર પાટીલે તમામે તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો, ૩૩ એ ૩૩ જિલ્લા અને ૨૫૧ તાલુકાઓમાં પેજ પ્રમુખ બનાવવાનું બીડું ઉપાડ્યું છે. મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને ગુજરાતનાં અઢાર હજાર ગામડાંઓમાં આગામી એક અઠવાડિયામાં પેજ પ્રમુખની કામગીરી બાકી રહી ગઈ હશે તે પૂર્ણ કરાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૧૪-૧૨-૨૦૨૦, સોમવાર, નિજ કારતક વદ-અમાસ, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૦૨થી અભિજિત-૧૩-૦૩ સુધી, ૭-૧૯થી અમૃત-૮-૪૦ સુધી, ૧૦-૦૧ થી શુભ-૧૧-૨૧ સુધી, ૧૪-૦૨ થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૪૩ સુધી

- શુભ હોરા-
૭-૧૯થી ૮-૧૩ સુધી, ૯-૦૭થી ૧૦-૦૧ સુધી, ૧૧-૪૮થી ૧૪-૨૯ સુધી, ૧૫-૨૩ થી ૧૬-૧૭ સુધી

# ૨.૬૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના ડિગ્રી સર્ટી. NAD પર અપલોડ કરનારી રાજ્યની એકમાત્ર યુનિવર્સિટી GTU




અમદાવાદ, દેશની તમામ યુનિવર્સિટીઓ અને સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવેલ ડિગ્રી સર્ટીફિકેટનો યોગ્ય રીતે સંગ્રહ થઈ શકે તથા વિદ્યાર્થીઓ તેમની અનુકૂળતાએ પોતાના ડિગ્રી સર્ટીફિકેટ્સનો જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરી શકે તે માટે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ અને યુનિવર્સિટી ગ્રાંન્ટ કમિશનના સંયુક્ત પ્રયાસથી નેશનલ એકેડમિક ડિપોઝીટરીની શરૂઆત કરવામાં આવેલ છે. જેના ઉપલક્ષે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા જુદાં-જુદાં ૨૮ કોર્સના ડિપ્લોમાથી લઈને પીએચડી સુધીના ૨૬૩૭૭૮ વિદ્યાર્થીઓના ડિગ્રી સર્ટીફિકેટ એનએડી પર અપલોડ કરવામાં આવ્યા છે. સૌથી વધુ ડિગ્રી સર્ટીફિકેટ અપલોડ કરનાર જીટીયુ રાજયની એકમાત્ર યુનિવર્સિટી છે.

આ ઉપરાંત બહોળી સંખ્યામાં ડેટા અપલોડ કરીને દેશની ટોપ-૧૦ યુનિવર્સિટીમાં પણ જીટીયુએ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ અંગે જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના ડિજીટલ ભારત અભિયાનમાં સહભાગી થઈને વિદ્યાર્થીઓને ડિગ્રી સર્ટીના વેરીફિકેશન થી લઈને તમામ પ્રકારની ઓનલાઈન સવલત મળી રહેશે. જીટીયુના કુલસચિવ ડૉ. કે. એન. ખેરે જણાવ્યું કે, વિદ્યાર્થીઓને તમામ પ્રકારની સવલત ઓનલાઈન મળી રહે તે માટે જીટીયુ સતત કાર્યરત રહેશે.

જીટીયુ દ્વારા એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ, ફાર્મસી, આર્કિટેક્ચર , કૉમ્પ્યુટર એપ્લિકેશન અને આઈપીઆર જેવી વિવિધ વિદ્યાશાખાના ડિપ્લોમાંથી લઈને પી.એચડી સુધીના અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેમાં જુદાં-જુદાં ૨૮ કોર્સના ૨૬૩૭૭૮ વિદ્યાર્થીઓના ડિગ્રી સર્ટી જીટીયુ દ્વારા એનએડી પર અપલોડ કરવામાં આવેલ છે. જેમાંથી ડિપ્લોમાંના કુલ ૬૯૨૦૦ , બેચલર ડિગ્રીના ૧૬૯૨૯૬ , માસ્ટર ડિગ્રીના ૨૪૯૧૯ , પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રીના ૨૩૬ અને પી.એચડીના ૧૨૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# રાજકોટમાં નેતાઓ આંદોલનમાં જોડાય તે પહેલા જ કરાયા નજર કેદ

રાજકોટ, દિલ્હી ખેડૂત આંદોલનના પડઘા ગુજરાતમાં પડી રહ્યા છે. આ વચ્ચે રાજકોટના ખેડૂત આગેવાનો પર સરકારની નજર છે. જેને લઈને આ આંદોલનમાં નેતાઓ જોડાય તે પહેલા જ કોંગ્રેસ નેતા સહિતના ખેડૂત નેતાઓને નજર કેદ કરવામાં આવ્યા છે.

સમગ્ર મામલે મળતી માહિતી અનુસાર રાજકોટ જિલ્લાના કોંગ્રેસ અને ખેડૂત સંગઠનોના આગેવાન નજરકેદ કરવામાં આવ્યા છે. આજે દિલ્હી ચલોનું ખેડૂત નેતાઓ દ્વારા આહ્વાન આપવામાં આવ્યું છે. ત્યારે ગુજરાતના ખેડૂતો સમર્થનમાં ન જાય તે માટે ગુજરાત સરકાર એડી ચોટીનું જોર લગાવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જસદણ કોંગ્રેસ નેતા વિનુ ધડુક, ભાવેશ ભાસા સહિતના આગેવાન નજરકેદમાં રાખવામાં આવ્યા છે જ્યારે લોધિકા, જેતપુર, ધોરાજી, ઉપલેટા સહિતના ખેડૂત નેતાઓ નજરકેદ રખાયા છે.

કૃષિ કાયદાના ફાયદા જણાવવા માટે ભાજપ ૭૦૦ જગ્યાઓ પર વ્યવસ્થા કરશે જ્યાંથી કૃષિ કાયદાના ફાયદા ગણાવવામાં આવશે. બિહારના બખ્તિયારપુરથી કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ આ કાર્યક્રમનો શુભારંભ કરશે. બિહાર ભાજપના અધ્યક્ષ સંજય જાયવાલે જણાવ્યું કે પાર્ટી બિહારના તમામ ૨૪૩ વિધાનસભા પર કાયદાના ફાયદા જણાવવા માટે વ્યવસ્થા ઉભી કરશે.

## દૈનિક રાશીફળ

તા.૧૪.૧૨.૨૦૨૦ સોમવાર

મેષ(અ,લ,ઈ): આજે કોઇ મિત્ર સાથે વિવાદ થઇ શકે છે. આ સમયે ધૈર્ય અને સંયમથી કામ લો. વાહન કે કોઇ મોંઘા ઈલેક્ટ્રોનિક ઉપકરણ ખરાબ થવાથી મોટો ખર્ચ સામે આવશે. વ્યવસાયિક ગતિવિધિઓમાં સુધાર આવશે. લગ્નજીવન તથા પ્રેમ સંબંધો, બંને જ સારા રહેશે.

વૃષભ(બ,વ,ઉ): મોટાભાગે કામમાં વ્યસ્ત રહેવાના કારણે તમે ઘરમાં આરામ કરી શકશો નહીં. બાળકોના કારણે કોઇ ચિંતા રહેશે. ગુસ્સાની જગ્યાએ શાંતિથી સમસ્યાનો ઉકેલ લાવશો તો યોગ્ય રહેશે. વ્યવસાયિક કાર્યોમાં કોઈપણ પ્રકારના વિઘ્ન આવશે નહીં. ક્યારેક તમારો ઉત્તેજિત સ્વભાવ તમારા લગ્નજીવનમાં તણાવ ઊભો કરી શકે છે.

મિથુન(ક.છ.ઘ): આજે તમે તમારા કાર્યને જેટલી વધારે મહેનતથી કરશો, તેટલું જ યોગ્ય પરિણામ તમને પ્રાપ્ત થશે. યુવા વર્ગ પોતાની કોઈ દુવિધાને દૂર થવાથી રાહત અનુભવ કરશે. ભવિષ્યને લગતાં નિર્ણયો લેવા માટે તેમની અંદર આત્મવિશ્વાસ અને હિંમત વધશે.

કર્ક(ડ,હ): ઘરમાં કોઇ વાતને લઈને ક્લેશની સ્થિતિ ઊભી થઇ શકે છે. બાળકની ગતિવિધિઓ ઉપર નજર રાખવાની જરૂરિયાત છે. મામા પક્ષ સાથે પોતાના સંબંધોને મધુર જાળવી રાખો. કાર્યક્ષેત્રમાં વ્યાપારિક મંદીના કારણે ચિંતા રહેશે. પતિ-પત્નીની વચ્ચે રહેલાં તણાવની અસર ઘર-પરિવાર ઉપર પણ પડી શકે છે.

સિંહ(મ,ટ): બાળકોની કોઇ નકારાત્મક વાતને લઇને ઘરના વાતાવરણમાં થોડી નિરાશા રહેશે. તમારા સહયોગ દ્વારા સમસ્યાને ઉકેલવાની કોશિશ કરો. જોખમી કાર્યોથી દૂર રહો. ભાઈઓને ભૌતિક અને ભાવનાત્મક રૂપથી તમારી મદદની જરૂરિયાત પડી શકે છે. આજે વ્યવસાયમાં કોઈપણ પ્રકારની પાર્ટનરશિપ માટે સમય ઉત્તમ છે.

કન્યા(પ,ઠ,ણ): વધારે મહેનત અને થાકના કારણે ક્યારેક સ્વભાવમાં ચીડિયાપણું રહેશે. જેના કારણે વાત વિના ગુસ્સો હાવી રહેશે. આ સમયે બાળકની ગતિવિધિઓને પણ નજરઅંદાજ કરવું યોગ્ય નથી. વ્યવસાયમાં આ સમયે આકરી મહેનતની જરૂરિયાત છે. પિતા કે પિતા સમાન વ્યક્તિનો સહયોગ અને સલાહ તમારા માટે લાભદાયી રહેશે.

તુલા(ર.ત.): આજે દ્રઢ નિર્ણય લઈને તમે તમારા દરેક કામમાં ધ્યાન આપશો. આર્થિક દ્દષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારી સફળતા લઈને આવી રહ્યો છે. આજે રચનાત્મક તથા મન પ્રમાણે ગતિવિધિઓમાં પણ તમે વ્યસ્ત રહેશો.

વૃશ્ચિક(ન.ય.): આ સમયે તમારી ભાવનાઓ ઉપર કંટ્રોલ કરવો ખૂબ જ જરૂરી છે. ક્યારેક તમારા વધારે રોક-ટોકના કારણે ઘરના સભ્યો પરેશાન થઇ શકે છે. કોઈપણ નિર્ણય લેતાં પહેલાં એકવાર ફરી વિચાર કરવો જરૂરી છે. મશીન, કારખાના વગેરેને લગતાં વ્યવસાય માટે લાભદાયક પરિસ્થિતિ બની રહી છે. પરિવારની દેખરેખમાં તમારો પૂર્ણ સહયોગ રહેશે.

ધન(ભ,ધ,ફ,ઢ): બપોર પછી કોઇ ચિંતાજનક સ્થિતિ ઊભી થઇ શકે છે. જેના કારણે કોઇ નજીકના મિત્ર સાથે વિવાદ થવો સંભવ છે. યુવાઓને મોજમસ્તીની અપેક્ષા પોતાના કરિયર અને ભવિષ્યને લગતી યોજનાઓ ઉપર ધ્યાન આપવાની જરૂરિયાત છે.

મકર(ખ.જ.): આ સમયે ખર્ચ વધારે રહેશે. જેના કારણે થોડો તણાવ રહેશે. કોઈપણ વાદ-વિવાદને લગતી સ્થિતિમાં શાંત રહેવું યોગ્ય છે, ઉત્તેજિત થવાથી સમસ્યા વધી શકે છે. વ્યવસાયિક દ્દષ્ટિએ સમય ઉત્તમ ચાલી રહ્યો છે. પારિવારિક વાતાવરણ સારું જળવાયેલું રહેશે.

કુંભ(ગ,સ,શ,ષ): આ વાતનું ધ્યાન રાખો કે પ્રત્યેક ગતિવિધિમાં પોતાની કાર્યક્ષમતા ઉપર વિશ્વાસ રાખવો જરૂરી છે. અન્યની વાતોમાં આવીને તમે તમારું જ નુકસાન કરી શકો છો. વ્યવસાયિક દ્દષ્ટિએ દિવસ અતિ ઉત્તમ છે. ઘરના બધા સભ્યોનો એકબીજા સાથે સારો તાલમેલ જળવાયેલો રહેવાથી વાતાવરણ સુખમય રહેશે.

મીન(દ,ચ,ઝ,થ):અન્યની વાતોમાં ધ્યાન આપવાની જગ્યાએ તમારી કાર્યક્ષમતા અને આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને આગળ વધો. કોઈપણ પ્રકારની યાત્રા કરવા માટે આજનો દિવસ ઉત્તમ નથી. વ્યવસાયિક સ્થળે કર્મચારીઓ સાથે યોગ્ય તાલમેલ રહે [redacted] સર પૂર્ણ થઈ જશે. જૂના મિત્રને મળવાથી સુખમય યાદો [redacted]

# હવે સુરક્ષાબળો ૧૫ દિવસની લડાઈ માટે હથિયારો-દારૂગોળાનો સ્ટોક રાખી શકશે



ન્યુ દિલ્હી, ચીનની સાથે સરહદ પર ચાલી રહેલા તણાવની વચ્ચે ભારતે મોટું પગલું ભર્યુ છે. સુરક્ષાબળોને હવે ૧૫ દવિસની તગડી લડાઈ માટે હથિયારો અને દારૂગોળાનો સ્ટોક તૈયાર કરવાનો અધિકાર આપી દીધો છે. અત્યાર સુધી સેનાને ૧૦ દિવસના યુદ્ધા માટે જરૂરી સ્ટોક એકત્ર કરવાની છૂટ હતી. આ નવા અધિકાર અને ઈમરજન્સી ખરીદીની શક્તિનો ઉપયોગ કરીને સેના આવનારા થોડાંક મહિનાઓમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ રકમ ખર્ચ કરવાની છે. દેશી અને વિદેશી સ્ત્રોતોથી વિભિન્ન પ્રકારના રક્ષા સાધનો અને દારૂગોળો ખરીદવામાં આવશે. સરકારનું આ પગલું ચીન અને પાકિસ્તાનની સાથે ટુ-ફ્રન્ટ વૉરની સંભાવનાઓને જોતા તૈયાર પુખ્તા કરવાની દિશામાં જોઈ રહ્યા છે.

રક્ષાબળો માટે સ્ટોકની મર્યાદા વધારવાનો નિર્ણય થોડાંક સમય પહેલાં લેવાયો હતો. એક સરકારી સૂત્ર એ કહ્યું કે દુશ્મનની સાથે ૧૫ દિવસની ઈંટેસ લડાઈ માટે રિઝર્વ તૈયાર કરવા માટે કેટલાંય પ્રકારની વેપન સિસ્ટમ અને દારૂગોળા ખરીદવામાં આવી રહ્યા છે.

સેનાઓને પહેલાં ૪૦ દિવસની લડાઈ માટે સ્ટોક રાખવાની મંજૂરી હતી. પરંતુ યુદ્ધની બદલાતી રીત અને હથિયાર અને દારૂગોળાના સ્ટોરેજમાં પડતી મુશ્કેલીઓના લીઝે તેને ઘટાડીને ૧૦ દિવસ કરી દેવાયા હતા. ઉરી હુમલા બાદ એ અહેસાસ થયો કે યુદ્ધ માટે સ્ટોક ઓછો છે. તત્કાલીન રક્ષા મંત્રી મનોહર પાર્રિકરના નેતૃત્વમાં મંત્રાલયે સેના, નૌસેના, અને વાયુસેનાના ઉપ-પ્રમુખોની નાણાંકીય શક્તિઓને ૧૦૦ કરોડ રૂપિયાથી વધારીને ૫૦૦ કરોડ રૂપિયા કરી દીધી હતી. ત્રણેય સેનાઓને ૩૦૦ કરોડ રૂપિયાના ઈમરજન્સી ફાઈનાન્સિયલનો પાવર પણ આપવામાં આવ્યો હતો જેથી કરીને તેઓ યુદ્ધ લડવામાં કામ આવનાર કોઈપણ સાધન ખરીદી શકે છે.

ભારત અત્યારે ચીનની સાથે જોડાયેલી સરહદ પર તણાવનો સામનો કરી રહ્યું છે. સાથોસાથ પાકિસ્તાનને અડીને આવેલી સરહદો દ્વારા પણ ઘૂસણખોરીની કોશિષ તેજ થઈ ગઈ છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના જનરલ બિપિન રાવતે કેટલીય વખત ટુ-ફ્રન્ટ વોરની વાત કરી છે. ત્રણેય સેનાઓના પ્રમુખોએ પણ ચીન અને પાકિસ્તાનથી ખતરાને લઈ કેટલીય વખત વાત કરી છે. ચીનની સાથે તણાવની વચ્ચે ભારતે કેટલાંય પ્રકારના રક્ષા સોદા કર્યા છે. આ સિવાય કેટલીય સ્વદેશી ડિફેન્સ અને મિસાઈલ સિસ્ટમના પણ ટ્રાયલ કર્યા છે.

# આસામ બોડોલેંડ ક્ષેત્રીય પરિષદ ચૂંટણી: BPFએ ૧૭ સીટ જીતી, ભાજપ ત્રીજા સ્થાને





દિબ્રૂગઢ, આસામની બોડોલેંડ ક્ષેત્રીય પરિષદના ચૂંટણી પરિણામ આવી ચૂક્યાં છે. બોડોલેંડ પીપુલ્સ ફ્રંટને ૧૭ સીટ મળી છે. યૂનાઈટેડ પીપુલ્સ પાર્ટી લિબરલ ૧૨ સીટ સાથે બીજા સ્થાને છે, જ્યારે ભારતીય જનતા પાર્ટીએ નવ સીટ પર અને કોંગ્રેસે એક સીટ પર જીત હાંસલ કરી છે. ૪૦ સીટ માટે થયેલ ચૂંટણીમાં બીપીએફ લીડિંગ પાર્ટી બની છે. પરંતુ કોઈપણ પાર્ટીએ બહુમતના આંકડા પાર નથી કર્યા, એટલે કે ૨૦ સીટ નથી જીતી, ત્યારે આ ચૂંટણી પરિણામ બાદ પહેલીવાર ગઠબંધન શાસન જોવા મળી શકે છે.

ભાજપ મહાસચિવ દિલીપ સૈકિયાએ કહ્યું કે ભાજપ આગલી બીટીસી પરિષદ બનાવવા માટે યૂપીપીએલના સંપર્કમાં છે. ભાજપે આ ચૂંટણીમાં પોતાની સહયોગી પાર્ટી બોડોલેંડ પીપુલ્સ ફ્રન્ટ સામે ચૂંટણી લડી હતી.

ભાજપી મહાસચિવ દિલીપ સૈકિયાએ કહ્યું કે ભાજપ આગલી બીટીસી પરિષદ બનાવવા માટે યૂપીપીએલના સંપર્કમાં છે. ભાજપે આ ચૂંટણીમાં પોતાની જ સહયોગી પાર્ટી બોડોલેંડ પીપુલ્સ ફ્રંટ વિરુદ્ધ ચૂંટણી લડી હતી. ચૂંટણી પ્રચાર દરમ્યાન રેલીઓમાં ભાજપી નેતાઓએ પોતાના સહયોગી દળ બીપીએફ પર કેટલાય ગંભીર આરોપ લગાવ્યા હતા.

બોડોલેંડ પીપુલ્સ ફ્રંટે ૨૦૧૬ બાદથી ભાજપના નેતૃત્વવાળી આસામ સરકારની એક સહયોગી પાર્ટી છે. બીપીએફે પાછલા દોઢ દશકોમાં બોડોલેંડ ટેરિટોરિયલ એરિયા ડિસ્ટ્રિક્ટ્સ પર શાસન કર્યુ છે, જેમાં ચાર જિલ્લા- કોકરાઝાર, ચિરાંગ, બકસા અને ઉદલગુરી સામેલ છે.

# ગિરિમથક સાપુતારામાં સતત ત્રીજા દિવસે માવઠું, ભર શિયાળામાં વરસ્યો વરસાદ



સાપુતારા, ગિરિમથક સાપુતારામાં સતત ત્રીજા દિવસે માવઠું થયુ છે. વરસાદી માહોલના કારણે સાપુતારામાં પ્રવાસીઓની ભીડ ઉમટી છે. તો બીજી તરફ વાતાવરણમાં આવેલા પલટા બાદ ઠંડીનું પ્રમાણ પણ વધ્યુ છે. માવઠાના કારણે ખેડૂતોની ચિંતા પણ વધી છે. કેમ કે, ખેડૂતોનો તૈયાર પાક વરસાદના કારણે પલળી ગયો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દે.બારીઆમાં ST બસમાં સોશ્યલ ડિસ્ટન્સનો અમલ તો ખાનગી બસ સંચાલકો દ્વારા ભંગ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દાહોદ જીલ્લાના દે.બારીઆ તથા આસપાસના વિસ્તારોમાંથી પસાર થતી લાંબા રૂટની એસ.ટી.બસોમાં કોરોનાની મહામારી વચ્ચે સંક્રમણ ન ફેલાય તે માટે સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાના નિયમોનુસાર બેઠકો ખાલી રાખવાના કારણે એસ.ટી. નિગમને આર્થિક નુકશાન પહોંચી રહ્યું છે. તો બીજી તરફ આજ લાંબા રૂટની ખાનગી બસોમાં આડેધડ મુસાફરી કરાવાઈ રહીને સંચાલકો આર્થિક નફો કમાઈ રહ્યા છે. સરકારની બેવડી નીતિના કારણે નિગમને આવકમાં ઘટાડો થયો છે. તેની સામે ખાનગી બસ ધારકોના ખિસ્સા ખીચોખીચ થતાં લોકો પણ પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ વ્યકત કરી રહ્યા છે.

ગુજરાત એસ.ટી.ની બસો લોકડાઉનમાં બંધ રહી હતી. માત્ર બીજા રાજ્યોના અટવાયા પડેલા પેસેન્જરોને જાનના જોખમે જી.આર.એસ.ટી.ના કર્મીઓ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જે તે સ્થળે પહોંચાડવાની પોતાની ફરજ બજાવી હતી. કયાંક તો ભૂખ્યા રહીને પોતાની ફરજ પુરી કરી હતી. સરકારને ભરપૂર મદદરૂપ કરી રહયા હતા. જ્યારે આજ કર્મીઓ ઉપર કોઈક કારણોસર ફરિયાદ થાય છે. ત્યારે તંત્ર મૌન રહે છે. એસ.ટી. નિગમની લોકડાઉનમાં કરોડોની આવક બંધ હોવા છતાં એસ.ટી. નિગમે દરેક કર્મચારીઓને પગાર ચુકવી દીધો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કારણોસર એસ.ટી. નિગમે બસમાં મુસાફરી કરનાર મુસાફરોને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે જગ્યાઓ વચ્ચે અભાવ રાખીને કેટલીક સીટો ખાલી રાખવાના કારણે આર્થિક નુકશાન પહોંચી રહ્યું છે. પરિણામે એસ.ટી. નિગમને તિજોરી ઝાટક બની હોવા છતાં અત્યારે નિયમોનો પાલન થઈ રહ્યું છે. તો બીજી તરફ ખાનગી બસ વિભાગ દ્વારા ઘેટા બકરાંની માફક મુસાફરોને ભરીને એક સ્થળે થી બીજા સ્થળે મુસાફરી થઈ રહી છે. એસ.ટી. નિગમ કોરોનાના સમયમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે આર્થિક નુકશાન ભોગવી રહ્યું છે. તો બીજી તરફ ખાનગી વાહન ચાલકો સરકારના નિયમોનું પાલન નહીં કરીને ભંગ કરીને આર્થિક ઉપાજન કરી રહ્યા છે. આવા સમયે ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાનને આંટો તેવો ઘાટ ઘડાઈ રહ્યો છે. જાણવા મળ્યાનુસાર વલસાડ થી દે.બારીઆનું ભાડું ૫૦૦ થી ૬૦૦ રૂપીયા ખાનગી સંચાલકો ખંખેરી રહ્યા છે. છાપરા ઉપર જાનના જોખમે બેસાડીને હેરાફેરી કરવામાં આવતાં પોલીસ પણ મૂકપ્રેક્ષક બની રહી છે.

**-ખાનગી બસના છાપરા ઉપર પેસેન્જર બેસાડીને આર્થિક નફો રળી રહ્યા છે.**
**- તેની સામે એસ.ટી.નિગમને નિયમ જાળવતા મુસાફરોના અભાવે આર્થિક નુકશાન.**
**- પોલીસ મૂકપ્રેક્ષક : તેની ભૂમિકા સામે બેવડી નીતિ.**

# ફતેપુરાના સરસવા પૂર્વ ગામે ૯ વર્ષિય બાળકીની કૂવામાંથી લાશ મળતા ખળભળાટ

ફતેપુરા,

નીનકા પૂર્વ ગામ ની બાળકી સરસવા પૂર્વ ગામે વાસ્તુપૂજનમાં ગઈ હતી. બાળકીની લાશને જોતા જીભ મોઢાની બહાર જોવા મળી, લાશ મળતા મોતનું રહસ્ય અકબંધ.સરકારી દવાખાને પોલીસ બંદોબસ્ત સાથે પેનલ પોસ્ટમોર્ટમ ની કામગીરી શરૂ કરાઈ.

ફતેપુરા તાલુકાના નીનકા પૂર્વ ગામની ૯ વર્ષીય બાળકી સરસવા પૂર્વ ગામે તેના પરિવારજનો સાથે વાસ્તા પૂજનમાં કાર્યક્રમમાં ગઈ હતી. જ્યાં ગુમ થઈ ગઈ હતી અને ચાર દિવસ બાદ સરસવા પૂર્વ ગામે કુવામાંથી લાશ મળતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. સુખસર સરકારી દવાખાને પોલીસ બંદોબસ્ત સાથે પેનલ પોસ્ટમોર્ટમ ની કામગીરી શરૂ કરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ લીંબાખેડી ફળિયામાં રહેતા રણજીતભાઈ મછાર ની પુત્રી રોશનીબેન ઉંમર વર્ષ આશરે નવ વર્ષની ધોરણ ચાર માં અભ્યાસ કરતી હતી. જે ગત ચારેક દિવસથી ઘરેથી ગુમ થઈ હતી. જેની શોધખોળ ચાલુ હતી તે દરમિયાન આજરોજ સરસવા પૂર્વ કૂવામાં કોઈ બાળકીની લાશ હોવાની જાણ થતા નીંદકાપૂર્વથી પણ લોકો તે સ્થળે ગયા હતા મળી આવેલા લાશ વાળા કુવા ઉપર જઈ જોતા આ લાશ રોશનીબેનની હોવાનું જોવા મળ્યું હતું. આ બાબતે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં તાત્કાલિક સુખસર પોલીસ સ્ટાફ બનાવના સ્થળે પહોંચી જવા પામ્યો હતો. જ્યારે પંચકેશ બાદ લાશને કૂવામાંથી બહાર કાઢતા મૃતક રોશનીબેનની જીભ મોઢાની બહાર જોવા મળી હતી. જેના લીધે ઉપસ્થિત લોકોમાં તરેહ–તરેહની ચર્ચાઓ સાંભળવા મળી હતી.લાશને પીએમ અર્થે સુખસર સરકારી દવાખાનામાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળે છે. બાળકીનું આકસ્મિક મોત છે કે તેની સાથે કોઈ અઘટિત ઘટના બની છે તે બાબતે પોલીસ તપાસ કરી રહી છે. તેમજ આ બનાવ બાબતે પીએમ રિપોર્ટ બાદ જ જે–તે સત્યતા બહાર આવશે તેમ જણાઈ રહ્યું છે.

# દાહોદમાં યોજાયેલ ઈ-લોક અદાલતમાં ૫૩૬ કેસોનું સમાધાનથી નિકાલ કરાયો

દાહોદ,

દાહોદ જિલ્લા અદાલત, દાહોદ ખાતે ઈ – લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈ – લોક અદાલતમાં ૧,૧૪,૪૩૦૦૦ (એક કરોડ ચૌદ લાક તેતાલીશ હજાર) રૂપીયાનું સેટલમેન્ટ કરવામાં આવ્યું છે.

નામદાર નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી ન્યુ દિલ્હીના આદેશ અનુસાર નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના ચેરમેન જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ આર.એમ. વોરાના વરદ હસ્તે આજરોજ તારીખ ૧૨.૧૨.૨૦૨૦ ના રોજ ઈ – લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતુ. જાણવા મળ્યા પ્રમાણે આ ઈ – લોક અદાલતમાં મોટર અકસ્માત વળતર અંગેના કેસો, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૩૮ના કેસો, સીવીલ દાવા વિગેરે જેવા કુલ મુકેસ કેસો ૭૨૯ જેમાં કુલ ૫૩૬ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ રૂા.૧,૩૭,૦૩,૪૪૨ (અંકે એક કરોડ સડત્રીસ લાખ ત્રણ હજાર ચારસો બેતાલીસ) નું સેટલમેન્ટ કરવામાં આવ્યું હતું.

# દાહોદમાં આજરોજ ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૧ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૩૯૨ને પાર થઈ જવા પામ્યો છે જ્યારે એક્ટીવ કેસ ૧૨૮ની સપાટીએ છે. આર.ટી.પી.સી.આર. ના ૨૯૯ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૫૭૦ પૈકી ૦૧ મળી આજે ૧૧ કેસ નોંધાયા છે. જેમાંથી દાહોદ અર્બનમાંથી ૦૫, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, ગરબાડામાંથી ૦૨ અને ફતેપુરામાંથી ૦૧ કેસોનો સમાવેશ થાય છે. આજે હોસ્પિટલમાંથી વધુ ૧૬ દર્દીઓને રજા આપતાં એક્ટીવ કેસ ૧૨૮ રહેવા પામ્યા છે. ત્યારે જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૮૬ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# ૧૩૦૦૦ કરોડનું ફૂલેકુ ફેરવનાર માલ્યા પાસે વકીલને આપવા પૈસા નથી..!!



લંડન,

ભારતના ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાને લંડનમાં રૂપિયાની ખોટ પડી ગઈ છે. ભારતમાં એશો-આરામની જિંદગી વિતાવનાર અને અરબો રૂપિયાના સ્વામી માલ્યાને લંડનમાં હજાર અને લાખ રૂપિયાનો હિસાબ રાખવો પડી રહ્યો છે. વિજય માલ્યાની હાલત એવી થઈ ગઈ છે કે તેની પાસે પોતાના વકીલને ફી આપવા માટે પણ રૂપિયા નથી. તેના અંગત ખર્ચ પર તો પૂરી રીતે બ્રેક લાગી ગઈ છે.

ભારતની તપાસ એજન્સીઓની કડકાઈનો સામનો કરી રહેલા વિજય માલ્યાએ લંડનની હાઈકોર્ટને કહ્યુ છે કે તેમની ફ્રાંસની પ્રોપર્ટી વેચવાથી જે રૂપિયા મળ્યા છે તેમાંથી તેમને ૧૪ કરોડ રૂપિયા રિલીઝ કરવામાં આવે.

પરિસ્થિતિ એવી છે કે લંડનમાં વિજય માલ્યાનો કેસ લડી રહેલા બેરિસ્ટરે કહી દીધુ છે કે જો તેમને જલ્દી તેમની ફી ના મળી તો તેઓ આગામી સુનાવણીથી કેસ લડવાનું બંધ કરી દેશે. અત્યારે લંડનની કોર્ટે વિજય માલ્યાની સંપત્તિઓને પોતાની નજરમાં રાખ્યા છે. માલ્યા આ સંપત્તિઓને વેચી શકતા નથી, ના આની પર લોન લઈ શકે છે.

વિજય માલ્યાની હાલત જોતા લંડનની કોર્ટે દયા દાખવી છે. કોર્ટે વિજય માલ્યાના કોર્ટની ફી ભરવા માટે ૩૯ લાખ રૂપિયા રિલીઝ કરવા તૈયાર થઈ ગયા છે પરંતુ કોર્ટે તેમના અંગત ખર્ચ માટે એક પણ રૂપિયો જારી કર્યો નથી. હવે આ કેસની સુનાવણી આગામી શુક્રવારે થશે.

વિજય માલ્યાના વિરૂદ્ધ ના માત્ર લંડનમાં પરંતુ ભારતમાં પણ કેટલાય કેસ ચાલી રહ્યા છે. આ કેસમાં તેમને ઘણી રકમ ખર્ચ કરવી પડે છે. ૬૪ વર્ષના વિજય માલ્યા પર ભારતની સરકારી બેંક્રોએ હજારો કરોડો રૂપિયા આપ્યા છે. વિજય માલ્યા ભારતથી ફરાર થઈને લંડનની શરણે છે. ભારતની એજન્સીઓ વિજય માલ્યાના પ્રત્યાર્પણ માટે લાંબી કાનૂની લડત લડી રહ્યા છે.

# લીમખેડાના ભેજાબાજે સરકારી નોકરી આપવાની લાલચે ચાર વ્યક્તિઓ પાસેથી બે લાખ પડાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં એક ભેજાબાજે સરકારી નોકરી અપાવવાની લાલચે ચાર જેટલા વ્યક્તિઓ પાસેથી રૂા.૪૦,૦૦૦ લેખે કુલ રૂા.૨,૦૦,૦૦૦ લાખ પડાવી લઈ સરકારી નોકરી ન મળતાં આપેલા પૈસાની ઉઘરાણી કરતાં આ ઠગે પૈસા પરત ન કરતાં અને પોતે ઠગાઈનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતાં લીમખેડા પોલીસ મથકે આ ઠગ વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે આ ઠગની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ જિલ્લામાં અવાર નવાર ઠગાઈ, વિશ્વાસઘાત તેમજ સરકારી નોકરી અપાવવાના બહાને તેમજ લોન અપાવવાની લાલચે કેટલાક ભેજાબાજો દ્વારા દાહોદ જિલ્લાની અબોધ, ગ્રામીણ અને ભોળીભાળી પ્રજાને વિશ્વાસમાં લઈ લાખ્ખો, કરોડો રૂપીયાની ઠગાઈ કરી આવા સખ્સો ફરાર થઈ ગયા હોવાના બનાવો ભુતકાળમાં પણ અનેક પ્રકાશમાં આવ્યા છે. દાહોદ જિલ્લા જેવા નાનકડા અને આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લામાં જાણે આવી ઠગ ટોળીઓ સક્રિય બની હોય તેમ હવે પ્રતિત થઈ રહ્યું છે.

આવોજ એક કિસ્સો દાહોદ જિલ્લામાં ફરી પ્રકાશમાં આવ્યો છે. જેમાં લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે નીશાળ ફળિયામાં રહેતા અને ખાનગી નોકરી કરતી ૨૭ વર્ષીય સંદયાબેન પ્રદિપભાઈ ધિંગા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકાના કારઠ ગામે રહેતા રોયલભાઈ કિર્તનસિંહ લબાના દ્વારા તા.૨૦મી ઓક્ટોબર થી આજદિન સુધી અલગ અલગ જગ્યાએથી કુલ ચાર વ્યકિતઓ પાસેથી અને સંદયાબેન પાસેથી પણ આ રોયલભાઈ દ્વારા જણાવવામાં આવેલ કે, મારો એક સારો મિત્ર છે, જેઓ સરકારી નોકરી અપાવે છે, તો તમારે કોઈને સરકારી નોકરી જોઈતી હોય તો, રૂપીયા ૪૦,૦૦૦માં સરકારી નોકરી મળી જશે. તેમ કહી સંદયાબેન તથા બીજા ત્રણ જેટલા વ્યક્તિઓને આ રોયલભાઈએ પટાવી, ફોસલાવી સરકારી નોકરીની લાલચ આપી તેઓની પાસેથી કુલ રૂા.૨ લાખ રૂપીયા ઉઘરાવી લીધા હતા. આ બાદ સમય વિતતો ગયો અને સરકારી નોકરી તો ન મળી પરંતુ પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતાં તમામે આપેલ તમામ નાણાં પરત કરવાની રોયલભાઈ પાસે માંગણી કરી હતી પરંતુ એનકેન પ્રકારે તેઓની વાતને ટાળી અને પૈસા પરત આપવાની દાનત ન રાખતાં આખરે સંદયાબેન દ્વારા આ સંબંધે લીમખેડા પોલીસ મથકે રોયલભાઈ લબાના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ પોલીસ લાઈનમાં મહિલાના ઘરે આવેલ જમાઈ એ ધિંગાણું મચાવી ૫.૧૪ લાખની લુંટ કરી નાશી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના પોલીસ લાઈન વિસ્તારની એક ઘટના પ્રકાશમાં આવતાં નગરમાં ચકચાર મચી જવા પામી છે. બનાવ એવો છે કે, આ વિસ્તારમાં રહેતી એક મહિલાના ઘરે તેનો જમાઈ આવી બેફામ ગાળો બોલી પોતાની દિકરી તેમજ મારા દાગીના આપી દો તેમજ કહી ઘરમાં ઘુસી જઈ જમાઈ દ્વારા ભારે ધિંગાણું મચાવી સાસુના ઘરમાં મુકી રાખેલ તિજોરીમાંથી ચાંદીના દાગીના આશરે કિંમત રૂા.૫,૧૪,૦૦૦ની લુંટ કરી નાસી જતાં આ સંબંધે સાસુ દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પાલ્લા ગામે રહેતો અલ્કેશભાઈ ભારતસિંહ સંગાડા ગત તા.૦૮મી ડિસેમ્બરના રોજ દાહોદ શહેરમાં પોલીસ લાઈન વિસ્તારમાં રહેતી તેની સાસરીમાં આવ્યો હતો. સાસરીમાં આવતીની સાથે જ તેને પોતાની સાસુ લલિતાબેન કૃષ્ણકુમાર રજાત સાથે ઝઘડો તકરાર કર્યો હતો અને ભારે ધિંગાણુ મચાવ્યું હતુ. અલ્કેશભાઈ દ્વારા પોતાની સાસુ લલિતાબેનને કહેવા લાગેલ કે, મારી છોકરી તથા મારા દાગીના આપી દો તેમ કહી તિજોરીની ચાવી લઈ તિજોરીમાંથી ચાંદીના દાગીના આશરે કિંમત રૂા.૫,૧૪,૦૦૦ની લુંટ કરી નાસી જતાં આ સંબંધે સાસુ લલિતાબેન કૃષ્ણકુમાર રજાત દ્વારા પોતાના જમાઈ અલ્કેશભાઈ ભારતસિંહ સંગાડા વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દાહોદના ઉચવાણીયા ગામે બે પરિવારોમાં જમીનના રેલ્વે માંથી પૈસા લેવા બાબતે મારામારી થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ઉચવાણીયા ગામે એકજ કુટુંબના બે પરિવારની જમીન રેલ્વેની જમીનમાં આવતી હોય આ જમીનના રેલ્વેમાંથી પૈસા મળવાના હોઈ આ માટે સહીઓ, અંગુઠા કરાવવા મામલે બે પરિવારો વચ્ચે થયેલ ભારે ધિંગાણામાં બંન્ને પરિવારો વચ્ચે મારક હથિયારો ઉછળતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ આ છુટા હાથની અને મારક હથિયારની મારામારીમાં બંન્ને પક્ષોના આશરે મહિલા સહિત સાત થી આઠ વ્યકિતઓને ઈજાઓ થયાનું જાણવા મળે છે અને આ સંબંધે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી છે.

ઉચવાણીયા ગામે જોગા ફળિયામાં રહેતા ટીમુભાઈ ઝીથરાભાઈ ભુરીયા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા.૧૨મી ડિસેમ્બરના રોજ પોતાના જ ફળિયામાં રહેતા ખરગુભાઈ કીકાભાઈ ભુરીયા, રમણભાઈ ફતીયાભાઈ ભુરીયા, મહેશભાઈ પારૂભાઈ ભુરીયા, તોલીયાભાઈ રૂમાલભાઈ ભુરીયા, નવિનભાઈ પારૂભાઈ ભુરીયા, ફતિયાભાઈ જગવાનભાઈ ભુરીયા, નરેશભાઈ તોલીયાભાઈ ભુરીયા, કમલેશભાઈ તોલીયાભાઈ ભુરીયા, અકુબેન પારૂભાઈ ભુરીયા, અનિલભાઈ પારૂભાઈ ભુરીયા નાઓ ટીમુભાઈના ઘરે આવી બેફામ ગાળો બોલવા લાગ્યા હતા અને કહેલ કે, જમીન રેલ્વે લાઈનમાં જતી હોય અને રેલ્વેના પૈસા મળવાના હોય, અમારે પણ રેલ્વેના પૈસામાં ભાગ જોઈએ છે, સહી, અંગુઠા કરવા બાબતે ઝઘડો તકરાર કરી ભારે ધિંગાણુ મચાવ્યા બાદ એકદમ ઉશ્કેરાઈ જઈ ઉપરોક્ત તમામે પોતાની સાથે મારક હથિયારો લઈ દોડી આવ્યા હતા અને ગેરકાયદેસર મંડળી બનાવી ટીમુભાઈના ઘરે ધસી આવ્યા હતા અને ટીમુભાઈને, ભીમાભાઈને, હેમાભાઈને બાબરીબેનને કુહાડી, લાકડી વડે માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ટીમુભાઈ ઝીથરાભાઈ ભુરીયા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સામાપક્ષેથી આ સંબંધે ઉચવાણિયા ગામે જોગા ફળિયામાં રહેતા મહેશભાઈ પારૂભાઈ ભુરીયા દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા.૧૨મી ડિસેમ્બરના રોજ તેમના જ ફળિયામાં રહેતા ભીમાભાઈ ઝીથરાભાઈ, હેમાભાઈ ઝીથરાભાઈ, સેફાભાઈ ઝીથરાભાઈ, મુકેશભાઈ બીજલભાઈ, ટીમુભાઈ ઝીથરાભાઈ, ગમાભાઈ ઝીથરાભાઈ, કીકીયાભાઈ ખુશાલભાઈ, બીજલભાઈ શકરીયાભાઈ, રમસુભાઈ કીડીયાભાઈ, બાબરીબેન ઝીથરાભાઈ, બદીબેન ટીમુભાઈ, કપુરૂબેન ભીમાભાઈ, વરમાબેન ગમાભાઈ અને શન્તુબેન હેમાભાઈ તમામ જાતે ભુરીયાનાઓ મારક હથિયારો ધારણ કરી મહેશભાઈના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી રેલ્વેની જમીનના આવવાના પૈસા બાબતે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ જઈ ગેરકાયદેસર મંડળી બનાવી, મહેશભાઈને, નવિનભાઈને, તોલીયાભાઈને, રમણભાઈને, રાજુભાઈને કુહાડી વડે, લાકડી વડે તેમજ છુટ્ટા પથ્થરો મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું. આ સંબંધે કતવારા પોલીસે બંન્ને પક્ષો ફરિયાદ નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ જીલ્લા સહિત તાલુકામાં ગાઢ ધુમ્મસને લઈ વાહન ચાલકો પરેશાન

દાહોદ,

દાહોદમાં સતત બે દિવસ દરમ્યાન વાદળછાયા વાતાવરણ વચ્ચે શહેર સહિત જિલ્લામાં ઠંડીની સાથે સાથે વહેલી સવારે ગાઢ ધુમ્મસના દ્રશ્યો પણ સર્જાયા છે. ગાઢ ધુમ્મસના પગલે વાહન ચાલકોને અવર જવરમાં પણ વહેલી સવારે ધુમ્મસનો સામનો કરવો પડ્યો હતો તો બીજી તરફ ઠંડીના ચમકારા વચ્ચે લોકો ઠંડીમાં ધ્રુજતા પણ નજરે પડ્યા હતા.

ત્રણ દિવસ અગાઉ દાહોદ જિલ્લામાં કમોસમી વરસાદના પગલે અચાનક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને સતત ત્રણ દિવસના સમયગાળા દરમ્યાન પણ સુર્યનારાણે દર્શન ન દેતાં લોકોને ભારે ઠંડીનો અહેસાસ પણ થવા લાગ્યો છે. બીજી તરફ આજે સ્ટેશન રોડ, રેલ્વે સ્ટેશન તેમજ હાઈવે રસ્તા ઉપર વહેલી સવારે ભારે ગાઢ ધુમ્મસ જોવા મળ્યા હતા. આ ધુમ્મસના પગલે લોકોને અવર જવરમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તો બીજી તરફ શહેરમાં વહેલી સવારે ઘણા સ્થળોએ હીલ સ્ટેશન જેવા દ્રશ્યો નજરે પડ્યા હતા. વહેલી સવારે મોર્નિંગ વોક કરવા નીકળેલા લોકોને પણ ઠંડીનો ભારે અહેસાસ થયો હતો. તો રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન ખાતેના મુસાફરોને પણ તાપણાનો સહાલો લેવો પડ્યો હતો.

# દાહોદ લાયન્સ કલબ દ્વારા જરૂરીયાતમંદોને ધાબળાનું વિતરણ કરાયું

દાહોદ,

લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી અને એબિલિટી દ્વારા રવિવાર તા ૧૩ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ કલાકે સેવાકીય પ્રવૃત્તિ અતેંગત ઠંડીથી રક્ષણ મેળવવાના ઉમદા હેતુ થી જરૂચિાતમંદોને ૧૨૦ ધાબળા વિતરણ મંત્રી સૈફીભાઈ પિટોલવાલાના ડેપો પડાવ , વનખંડી હનુમાન મંદિર પાસે દાહોદ ખાતે ઝોન ચેરમેન લા કમલેશ લિમ્બચીયાના હસ્તે રાખવામાં આવ્યો. જેમાં પ્રમુખ લા.રાજકુમાર સહેતાઈ, કેબિનેટ સેક્રેટરી એક્ટિવિટી અને ટેઝરર લા. યુસુફી કાપડિયા એબિલિટી મંત્રી લા. સુરેશભાઈ નલવાયા, ટેઝરર લા. સંજય પ્રજાપતિ, લાયન મેમ્બર અને મોટી સંખ્યામાં લાભાર્થીહાજર રહ્યાં હતા.

# મધ્ય પ્રદેશના હાઈકોર્ટ જજ વંદના કસરેકરનું નિધન

ભોપાલ,

મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠમાં પદસ્થ જજ વંદના કસરેકરનું રવિવારે સવારે કોરોનાને કારણે નિધન થયું છે. તેઓ ૬૦ વર્ષના હતા. તેમનું દિલ્હીની મેદાંતા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી.તેઓ દેશના બીજા હાઈકોર્ટ જજ છે જેમનું કોરોનાને કારણે નોધાન થયું છે. ગત સપ્તાહે ગુજરાત હાઈકોર્ટના જજ જીઆર ઉધવાનીનું પણ કોરોનાને કારણે નિધન થયું હતું.

જસ્ટિસ કસરેકરનો જન્મ ૧૦ જુલાઈ ૧૯૬૦માં થયો હતો. તેઓ ૨૫ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર ખંડપીઠના જજ તરીકે નિયુક્ત થયા હતા. તેમને નિધન પર મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે શ્રદ્ધાંજલિ આપી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 95

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરાના ગદુકપુર પાસે નિર્માણ થયેલ કમલમ્‌નું કાર્યાલય વિવાદમાં

# પંચમહાલ ભાજપા કાર્યાલયના નિર્માણ માટે સરપંચો પાસે ઉઘરાણા માટે આક્ષેપ યુક્ત મેસેજ વાયરલ : સત્ય કે અસત્ય ?

- સરપંચો પાસેથી રૂા.૫૦૦૦ની લાંચ સ્વરૂપે ફાળો લેવાનો આક્ષેપ યુક્ત મેસેજ વાયરલ.
- અવારનવાર પદાધિકારીઓ તથા ચુંટાયેલા સભ્યો પાસેથી નાણાની માંગણી કરાઈ હતી.
- ફરી એકવાર રકમ મેળવવા માટે સરપંચોને દબાણ કરીને ગેરરીતિ માટે પ્રોત્સાહન.
- ભય-ભૂખ અને ભ્રષ્ટાચાર જેવા સૂત્રથી સત્તામાં આવેલ ભાજપા એ ભ્રષ્ટાચારને કોરાણે મૂક્યો.
- રકમ માંગણી કરવાના કારણે સ્થાનિક કક્ષા એ ગેરરીતિ કરવા માટે મજૂબત બનતા નારાજગી.
- કોર્પોરેટ હાઉસ તથા કોન્ટ્રાકટરો, બિલ્ડરો પાસેથી આર્થિક સહયોગ મેળવવા છતાં ભાજપા ભૂખ્યો ને ભસ.
- સત્તામાં રહેવું હોય તો ભાગીદારી કે મીલીભગત ?
- સત્તા ટકાવા માટે લાંચ કે દાન આપવું પડે ?
- ઓછી ગ્રાન્ટ અને આવક વચ્ચે વિકાસ માટે આ ઉઘરાણા એક પડકારરૂપ.
- ભાજપા કાર્યાલયના નિર્માણ માટે ભાજપાના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓનો સહયોગ જરૂરી હોવાનો યોગ્ય માનતો ભાજપા સંગઠન.



ગોધરા,

ગોધરાના ગદુકપુર હાઈવે સ્થિત પંચમહાલ જીલ્લા ભાજપા કાર્યાલયનું નિર્માણ કાર્ય પૂર્ણતાને આરે છે. અવારનવાર ચુંટાયેલા તાલુકા જીલ્લાના સભ્યો તથા પદાધિકારીઓ પાસે દાનની માંગણી કરવા છતાં તાજેતરમાં ગોધરા તાલુકાના સરપંચો માથાદીઠ રૂા.૫૦૦૦ની માંગણી કરતો આક્ષેપ યુક્ત મેસેજ વાયરલ થતાં સરપંચોને ગેરરીતિ માટે પ્રોત્સાહિત કરવા સાથે નૈતિકતા સામે અનેક સવાલો ઉભા થયા છે. અને સરપંચો પણ અવારનવાર મકાન નિર્માણ માટેના મેસેજ વહેતા કરવા સામે પણ છુપી નારાજગી દર્શાવીને સાચું-ખોટું તપાસનો વિષય બન્યો છે.

છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી ગુજરાતમાં ભાજપાનું શાસન એકચક્રીય ભોગવી રહ્યું છે. કેન્દ્ર, રાજ્ય, જીલ્લા, તાલુકા બાદ છેવાડાના ગ્રામ પંચાયત પણ ભાજપાએ કબજે કરીને પોતાના પદાધિકારીઓને સત્તાનું સોપાન સુપ્રત કરીને બાદમાં ભાજપા એ વિજય હાંસલ કરીને માનેતા ચહેરાઓને ખુરશી આપી છે. વળી, અવારનવાર આયોજીત ચુંટણીઓમાં કોર્પોરેટ હાઉસ, કંપનીઓ, ભાજપાના સંગઠનના તથા ચુંટાયેલા પાંખના પદાધિકારીઓ પાસેથી ચુંટણી ભંડોળ માંગીને સત્તા હાંસલ કરીને વિજય પતાકા લહેરાવે છે. ચુંટણી ફંડ અલગ રીતે કોર્પોરેટ હાઉસ પાસેથી કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સીબીલીટી અર્થાત સામાજીક કાર્યમાં વેરાની છુટના ભાગરૂપ આર્થિક મદદ મેળવતા વિપક્ષોની સરખામણીમાં ભાજપ ટટાર બનતું જઈ રહ્યું છે. ભાજપાના લક્ષ્યાંક મુજબ જીલ્લાકક્ષા એ આધુનીક કમલમ કાર્યાલય બનાવવાનો આયોજન છે. તે મુજબ પંચમહાલ જીલ્લાના વડામથક ગોધરાના પાંજરાપોળ પાસે જુનું જર્જરીત કાર્યાલય હોવાના કારણે અનેક અગવડતાઓ વચ્ચે અનેક વિજયનું સાક્ષી બની રહ્યું છે. આ કાર્યાલયમાં અપૂરતી સુવિધાના કારણે વિશાળ અને આધુનિક ઢબે અલાયદુ કાર્યાલય બનાવવા માટે મંજુરી અપાઈ હતી. શહેરની બહાર ગદુકપુર હાઈવે પાસે નૂતન જીલ્લા ભાજપા કાર્યાલય બની રહ્યું છે. જે કામ પૂર્ણતાને આરે છે. તે માટે પ્રદેશ ભાજપાએ મકાનના નિમાર્ણ માટે આર્થિક સહયોગ પુરો પાડવાનું બીડુ ઝડપ્યું છે. પરંતુ જાણવા મળ્યા અનુસાર જે તે સમયે શીલાન્યાસ સમયે ભાજપાના પદાધિકારીઓ પાસેથી લક્ષ્યાંકદ્ધિત આર્થિક મદદ મેળવી હતી અને ભાજપાના પદાધિકારીઓએ માંગ્યા મુજબની રકમ ચુકવીને મકાનના નિર્માણ માટે ફાળો આપ્યો હતો. અને ભાજપાના કલ્યાણ નિધી માંથી પણ આ મકાનના નિર્માણ માટે પણ આર્થિક મદદ મેળવેલી છે. હાલમાં, કાર્યાલય પૂર્ણતાને આરે છે. ત્યારે જીલ્લાના સરપંચો પાસે મકાન નિર્માણ માટેનો સહયોગ આપે તેવા આક્ષેપ યુક્ત મોબાઈલ મેસેજ વાયરલ થતાં ભાજપા સંગઠન વિવાદોમાં સપડાયું છે. એક આક્ષેપ યુક્ત મોબાઈલ મેસેજ વહેતો થઈને ગોધરા તાલુકાના ચુંટાયેલા સરપંચો પાસે પંચાયત દીઠ રૂા.૫૦૦૦ની આર્થિક મદદ મંગળવાર સુધીમાં પહોંચતી કરવી તે પ્રકારે સંદેશો પ્રસારીત કરીને ઉઘરાણા કરવામાં આવતાં સરપંચોમાં પણ મનોમન છુપી નારાજગી અનુભવી રહ્યા છે. ભય-ભૂખ અને ભ્રષ્ટાચાર નાબૂદી જેવા સૂત્રોથી વિજય હાંસલ કરનાર ભાજપા હવે સત્તાધિશોને ગેરરીતિ કરવા માટે મજબૂત કરી રહ્યા હોવાના ચિત્રો ઉપસી રહ્યા છે. અને પોતે નૈતિક્તાનો ભંગ કરીને અન્યને પણ નૈતિકતાને ભંગ કરવા માટે પ્રેરિત કરી રહ્યા હોવાનું જોવા મળી રહેતા છુપી નારાજગી સાથે સત્ય કે અસત્ય વચ્ચે તપાસનો વિષય બન્યો છે. સત્તામાં ભાગીદાર બનાવનાર ભાજપા એ હવે ગેરરીતિનો માર્ગ અપનાવીને મીલીભગત અજમાવી રહી છે. વળી, સત્તા ટકાવી રાખવી હોય તો આ સ્વરૂપે આર્થિક લાંચ ગણવી કે દાન ગણવું તેવા અનેક પ્રશ્નાર્થો પણ ઉપજીને સરપંચોને આ રકમ ચૂકવવા માટે સ્થાનિકકક્ષા એ ખોટા કામ માટે પ્રેરીત કરીને ઉઘરાણા કરવાનો રસ્તો દર્શાવ્યો હોવાનો ફલિત થાય છે. ગ્રામ્ય કક્ષા એ સરકાર ઓછી ગ્રાન્ટ ફાળવે છે તથા તેની આવક પણ ઓછી હોય છે. આવી આર્થિક તંગી વચ્ચે લોકોના આકંક્ષાઓ પૂર્ણ કરતા વિકાસના કામો કરવાના હોય છે અને આ પ્રકારે ભાજપા દ્વારા શંકાસ્પદ ઉઘરાણા કરવામાં આવે તો વિકાસને ધબ્બો પહોંચાડે તે પ્રકાર સમાન ગણાય છે. જાણવા મળ્યાનુસાર જો આ પ્રકારે વહેતો થયેલ આક્ષેપ યુક્ત સંદેશો સત્ય હોય તો ભાજપ માટે ગેરકાયદેસર ઉઘરાણું કરવા સાથે ગેરરીતિ સમાન ગણવા સિવાય અન્ય કોઈ વ્યાખ્યા ન હોઈ શકે. જો કે ભાજપાએ ખુલાસો કરતાં જણાવ્યું હતું કે ભાજપના કાર્યકર્તાઓના મદદથી કાર્યાલય નિર્માણ થઈ રહ્યું છે.

### પાર્ટીના કાર્યકર્તાઓના માધ્યમથી કાર્યાલય નિર્માણ થઈ રહ્યું છે



પંચમહાલ ભાજપા પ્રમુખ અશ્વિનભાઈ પટેલે એ આ આર્થિક દાન અંગે ટુંકમાં જણાવ્યું હતું કે, ગદુકપુર નજીક ભાજપા કાર્યાલય બની રહ્યું છે. આ મકાનના નિર્માણ માટે કાર્યકર્તાઓ પોતાનો સહયોગ અને યથાયોગદાન આપે છે. પાર્ટીના કાર્યકર્તાઓ પણ સમાવેશ થાય છે. તેમના માધ્યમના સહયોગ મળી રહેતો હોય છે.

### મેસેજમાં વહેતા થયેલ ગ્રામ પંચાયતો નામ

ભાજપા કાર્યાલયના નિર્માણ માટે વહેતો થયેલ મોબાઈલ મેસેજમાં ઉલ્લેખવામાં આવેલ રકમ અને ગ્રામ પંચાયતના નામ નીચે મુજબ છે.

જેમાં કરસાણા-૫૦૦૦, વેલવડ-૫૦૦૦, ઉજડીયાના મુવાડા-૫૦૦૦, પરમારપુરા-૫૦૦૦, જાલીયા-૫૦૦૦, કાંકણપુર તા.પં.સ.-૫૦૦૦, નદીસર-૫૦૦૦, કબીરપુર-૫૦૦૦, ખજુરી-૫૦૦૦, રીછોસા-૫૦૦૦, જુનીધરી-૫૦૦૦, ટીંબા-૫૦૦૦, મોર્ય-૫૦૦૦, પઢીયાર-૫૦૦૦, ઓડીદ્રા-૫૦૦૦ વગેરેનો સમાવેશ થાય છે.

## પંચમહાલ જિલ્લા સમાજ સુરક્ષા અને બાળ સુરક્ષા વિભાગ ત્રાટકીને બે બાળલગ્નો અટકાવ્યા



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગ અને બાળ સુરક્ષા વિભાગે અસરકારક કામગીરી દાખવતા બે બાળ લગ્નો થતા અટકાવ્યા હતા. સમાજ સુરક્ષા અધિકારી લખારાના જણાવ્યા અનુસાર એક જાગૃત નાગરિકે ૧૦મી ડિસેમ્બરના રોજ કાલોલ તાલુકાના ચલાલી મુકામે યોજાઈ રહેલા લગ્ન બાળ લગ્ન હોવાનું જણાવ્યું હતું. જેના પગલે પોલીસને સાથે રાખીને ટીમ ચલાલી પહોંચતા વરરાજાની ઉંમર ૧૭ વર્ષ માલુમ પડી હતી. આ ઉપરાંત, ઘોઘંબા તાલુકાના બોર ગામે યોજાઈ રહેલ લગ્ન અંગે જાણ થતા સમાજ સુરક્ષા ટીમે ત્યાં જઈને પણ તપાસ કરતા વર અને વધુ બંનેની ઉંમર અનુક્રમે ૧૬ અને ૧૭ વર્ષ માલૂમ પડી હતી. જે બાદ લગ્ન યોજનાર બને પક્ષો, સમાજના આગેવાનો, સ્થાનિકોને બાળ લગ્ન વિરોધી કાયદા અંગે અને આ લગ્નના પરિણામે ઉભી થનારી સમસ્યા વિશે સમજાવતા તેમને પોતાની ભુલ સમજાઈ હતી અને લગ્ન કેન્સલ રાખવાનો નિર્ણય કરાયો હતો. બંને પક્ષોએ વર ૨૧ વર્ષનો થાય અને કન્યા ૧૮ વર્ષના થાય પછી જ લગ્ન કરાવવા ખાતરી આપી હતી. તંત્રના પ્રયાસોથી બે બાળ લગ્નો અટકાવવામાં સફળતા મળી હતી. લગ્ન પ્રસંગે તંત્રની કાર્યવાહીને પગલે રંગમાં ભંગ પડીને લગ્ન વિધી અટકાવવામાં આવતાં ખુશીનો માહોલ ગમગીનમાં પલ્ટાવ્યો હતો.

## ઘોઘંબામાં ડમ્પર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં પાછળ બેઠેલ વ્યક્તિને ગંભીર ઈજાઓ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાન ગોંદલીથી ભીખાપુરા જવાના માર્ગ ઉપર થી પસાર થતા ડમ્પર ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઈક અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ પહોંચાડતા પોલીસ ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ગોંદલી થી ભીખાપુર જવાના રોડ ઉપર થી પસાર થતા ડમ્પર નં. જીજે.૩૧.ટી.૯૬૮૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારતા હોય દરમ્યાન પાછળ થી બાઈક લઈ આવતા બાઈક ચાલક ઓવરટેક જતાં ડમ્પર ચાલકે બાઈકને અડફેટમાં લેતાં બાઈક પાછળ બેઠેલ બળવંત ધનાભાઈ બારીયાને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના વરસડા પાસેથી પોલીસે દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ વરસડા ચોકડી હાઈવે રોડ ઉપર પસાર થતી મારૂતી કારને પોલીસના ચેકીંગ દરમ્યાન રોકવામાં આવી હતી અને કારનું ચેકીંગ કરવામાં આવતાં કારમાં બનાવેલ ચોરખાનામાં ૩૩,૫૪૦/- રૂપીયાનો દારૂ, મોબાઈલ ફોન અને કાર મળી ૨,૩૮,૫૪૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ રૂલર પોલીસ વરસડા ચોકડી હાઈવે રોડ ઉપર વાહન ચેકીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી મારૂતી કાર નં.જીજે.૦૬. સીએમ. ૨૨૦૨ને રોકી હતી અને કારનું ચેકીંગ કરતા ગાડીના આગળના ભાગે તેમજ પાછળના ભાગે ચોરખાનું બનાવેલ હોય તેમાં સંતાડીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કવાટરીયા નંગ ૨૭૬ કિંમત ૨૮,૯૮૦/- રૂપીયા, સ્ટ્રોંગ બીયર ટીન નંગ-૪૮ કિંમત ૪૫૬૦/-રૂપીયા મળી કુલ ૩૩,૫૪૦/- રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. સાથે અરવિંદભાઈ કનુભાઈ ડામોરને મોબાઈલ ફોન, કાર મળી કુલ ૨,૩૮,૫૪૦/-રૂપીયાનો મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવામાં આવી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૪૭૫ થયો




- ૨૧ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૬૩.
- મૃત્યુ આંક - ૧૨૩.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૪૭૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૬, હાલોલ-૦૫ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## શહેરાના બોરીયાની યુવતિ ગુમ થતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના બોરીયા ગામે રહેતા ૨૫ વર્ષીય મહિલા ૮ ડિસેમ્બરના રોજ ઘરેથી કહ્યા વગર નિકળી કયાંક ગુમ થતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના બોરીયા ગામે મછાર ફળીયામાં રહેતા કૈલાશબેન રામાભાઈ મછાર ઉ.વ.૨૫ જે ૮ ડિસેમ્બરના ના રોજ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર કયાંક ચાલ્યા ગયેલ હતા અને કયાંક ગુમ થઈ જતાં આ બાબતે શહેરા પોલીસ મથકે રામાભાઈ દલાભાઈ મછારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમ થયાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## ગોધરા પશ્ચિમ વિસ્તારના વોર્ડ નં.૮માં મોટી સંખ્યામાં મતદાન યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લીધો



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર ૦૮ના મતદાન વિભાગ નંબર ૨૦૧ અને ૨૦૨મા આજ રોજ એટલે કે તારીખ ૧૩/૧૨/૨૦૨૦ના રોજ સવારના દસ કલાકથી સાંજના પાંચ કલાક સુધીમાં મોટી સંખ્યામાં ભારતીય નાગરિકોએ પોતાના મતદાર યાદીમાં પોતાના નામમા સુધારણા અને નામ નોંધણી કરાવી હતી.

સરકારના ૨૦૨૧ના મતદાર સુધારણા કાર્યક્રમ છેલ્લા ત્રણ સપ્તાહથી કાર્યરત હોય આજ રોજ અંતિમ સપ્તાહમાં અમારા પંચમહાલ સમાચાર દૈનિકના પ્રતિનિધિએ અહીંના બુથ લેવલ ઓફિસર તરીકે ફરજ બજાવતા માલા મોં.યુસુફ તથા ચાયમન મોહસીન પાસેથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આજે બુથ ૨૦૧મા ૩૮ તથા બુથ ૨૦૨મા ૩૫ જેટલા નાગરિકોએ મતદાર યાદીમાં નામ નોંધણી તથા નામમાં સુધારા માટે ફોર્મ ભરવાની તજવીજ હાથ ધરી હતી.